# ગોરંભાયેલા વાદળો વચ્ચે મેઘરાજાના રીસામણા

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગર પર મેઘરાજા ક્યારે હેત વરસાવશે.. તેની વાટે સૌ કોઈ આકાશ તરફ નજર માંડરીને બેઠા છે. એક મહીનાના અંતે પણ મેઘરાજા મનમુકીને વરસ્યા નથી. ચોમાસાના પ્રારંભ બાદ અત્યાર સુધી સિઝનનો માત્ર ૪ ઈંચ વરસાદ થયો છે. આકાશમાં ગોરંભાતા વાદળો વચ્ચે વરસાદ અનેકવાર હાઉકલી કરીને અદ્રશ્ય થઈ ગયો છે. વરસાદના વિલંબ વચ્ચે ખેડુતોમાં પણ ચિંતા પ્રવર્તી છે. રોજબરોજ નિખરતા આકાશી નઝારા વચ્ચે વાદળિયુ વાતાવરણ ચોમાસાની યાદ અપાવે છે. પરંતુ વરસાદ વરસતો નથી. આજે પણ સાંજના સમયે આકાશમાં વરસાદી વાદળાનો ઘેરાવો જોવા મળ્યો હતો. વરસાદની ગેરહાજરી વચ્ચે નગરજનો બફારાથી ત્રાહીમામ પોકારી ગયા છે.

**શહેરમાં એક મહીના દરમિયાન સિઝનનો માત્ર અલપઝલપ ચાર ઇંચ વરસાદ વરસ્યો છે : મેઘરાજા મનમુકીને વરસે તેવી આશ સાથે ખેડુતોમાં પણ પ્રબળ ઇન્તેજારી**

શહેરમાં વરસાદી વાદળોની અવરજવરના લીધે આકાશી નઝારો બદલાય છે. આકાશમાં ગોરંભાતા વાદળો હજુ મનભરીને વરસ્યા નથી. છેલ્લા એક મહીનાથી ચોમાસુ શરૂ થયા બાદ મેઘરાજા મનુ મુકીને વરસ્યા નથી. શહેરમાં અત્યાર સુધી સિઝનનો માત્ર ૪ ઈંચ વરસાદ થયો છે.



જુલાઈ ૧૫ સુધીના સમયગાળામાં ગત વર્ષોની સાપેક્ષમાં વરસાદ ઓછો છે. એકબાજુ મેઘરાજા મનમુકીને વરસતા નથી. ત્યારે ખેડુતોમાં પણ વરસાદને અનુલક્ષી ચિંતાના વાદળો ઘેરાયા છે. રાજયમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના દરિયા કિનારાના વિસ્તારમાં મેઘરાજા મહેરબાન

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામ પંચાયતોને મહેસુલી વસુલાતની સરેરાશના પ્રમાણમાં ૧૧ કરોડ મળ્યા

**છેસ્લ્લા ૩ વર્ષની વસુલાતના આધારે મળેલ રકમ તાલુકા પંચાયત દ્વારા આ સપ્તાહમાં ચુકવી દેવામાં આવશે**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં જમીન મહેસુલની છેલ્લા ત્રણ વર્ષની સરેરાશ વસુલાતના આધારે ગ્રામ પંચાયતોને તેમના હિસ્સા પેટે રૂ. ૧૧ કરોડ એકાવન લાખ તોત્તેર હજાર પાંચસો છ ની ફાળવણી કરવાના આદેશો કરાયા છે. વર્ષ ૨૦૧૮-૧૯ના વર્ષમાં ગ્રામ પંચાયતોને આ રકમ સહાયક અનુદાન પેટે ચુકવવા માટે તાલુકા પંચાયતોને તે ફાળવી પણ આપવામાં આવી છે. મળતી વિગતો પ્રમાણે જે તે ગ્રામ પંચાયતોને મહેસુલી વેરાની વસુલીની સરેરાશ પ્રમાણે આ રકમ તાલુકા પંચાયત દ્વારા આ સપ્તાહમાં ચુકવી દેવામાં આવશે. મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાને નવ કરોડ ઈકોતેર લાખ પીસ્તાલીસ હજાર છસો પાંસઠ રૂ., કલોલને એક કરોડ ચુંબાલીસ લાખ બાર હજાર એકસો છ, દહેગામને સત્તર લાખ નવ હજાર એકસો ત્યાંસી અને માણસાને બાર લાખ છ હજાર પાંચસો બાવન રૂ.ની ફાળવણી કરવામાં આવી છે. જિલ્લાની ગ્રામ પંચાયતોના સ્વભંડોળમાં આ આવક જમા થશે. આ આવકથી પંચાયતોની આર્થિક સ્થિતિમાં સુધાર આવશે.

મળતી વિગતો મુજબ પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૨૧૯ હેઠળ આ સહાયક અનુદાન ચુકવવામાં આવે છે. આ રકમમાંથી પંચાયતો વિકાસના કામો હાથ ધરી શકશે. પંચાયતના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ગાંધીનગર તાલુકો મોટો તાલુકો છે અને જે રીતે વિકાસ પામી રહ્યો છે તેને કારણે તેને વધુ રકમ પ્રાપ્ત થઈ છે જ્યારે માણસા અને દહેગામ તાલુકામાં મહેસુલી વસુલાત પણ ઓછી છે તેમજ વિકાસની ગતિ પણ ધીમી હોવાથી આ બન્ને તાલુકાઓને ઓછી રકમ ફાળવવામાં આવી છે.

રાજ્ય સરકારે પંચાયતોને અપાતા સહાયક અનુદાનના નિયમોમાં સુધારા કરી બધા ગ્રામ્ય વિસ્તારને સમાન લાભ આપવાની દિશામાં વિચારણા કરવી જોઈએ તેવો ગણગણાટ પણ સરપંચોમાં શરૂ થઈ ગયો છે.

# આજથી ભાવનગર ઉધમપુરની નવી ટ્રેઈન વાયા ગાંધીનગર શરૂ

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગર રલેવે સ્ટેશનને આજે વધુ એક ટ્રેઈન મળશે. ગાંધીનગર રેલવે સ્ટેશનને નવી ટ્રેઈન ફાળવવા માટે છેલ્લા બે દાયકાથી રજુઆતો કરવામાં આવી રહી છે. અગાઉ ભાવનગરની પેસેન્જર ટ્રેઈન પણ નવી શરૂ કરવામાં આવી હતી. આવે છે. પરંતુ દરવર્ષે રેલવે બજેટમાં પણ કેપિટલ સ્ટેશનને ઠેંગો દેખાડી દેવાતા સ્થાનિક સંસ્થાના આગેવાનો તેમજ શહેરીજનોમાં પણ નારાજગી વ્યાપી છે. કેપિટલ સ્ટેશનના વિકાસ ઉપરાંત આ વિસ્તારમાં નવિન ફાઈવ સ્ટાર હોટલના નિર્માણનુ કામ ચાલતુ હોવાથી હાલ મોટાભાગની ટ્રેઈન બંધ છે.હાલની સ્થિતિએ શાંતિ એકસપ્રેસ તેમજ ભાવનગરની પેસેન્જર ટ્રેઈન આ રૂટમાં દોડે છે. જયારે ૧૪ જુલાઈથી ગાંધીનગર સ્ટેશનને વધુ એક નવી ટ્રેઈન મળશે.

**સવારે ૧૦ : ૧૫ કલાકે ટ્રેઇન આવશે : શહેર વસાહત મહામંડળ ટ્રેઇનનુ સ્વાગત કરશે**

જયારે લાંબા સમયના અંતે ભાવનગર ઉધમપુરની ટ્રેઈન વાયા ગાંધીનગર દોડશે. આજે સવારે ૧૦:૧૫ કલાકે આ ટ્રેઈન ગાંધીનગર સ્ટેશન આવશે. જયારે બે મિનિટના પેસેન્જર વિરામના અંતે ટ્રેઈન ઉપડી જશે. ગાંધીનગરને વધુ એક નવી ટ્રેઈન મળતા શહેર વસાહત મહામંડળ દ્વારા આજે સ્ટેશન પર નવી ટ્રેઈનનુ સ્વાગત કરવામાં આવશે.

ગાંધીનગર કેપિટલ સ્ટેશન પર નવી ટ્રેઈન શરૂ કરવા માટે શહેર વસાહત મહામંડળ દ્વારા રેલવે વિભાગને સેંકડો રજુઆત કરવામાં આવી છે. ટ્રેઈન સેવાને અનુલક્ષીને મહામંડળ દ્વારા રેલવે મંત્રાલયને પણ વખતોવખત રજુઆત કરવામાં સ્ટેશનને વધુ એક નવી ટ્રેઈન મળશે. ગાંધીનગર સ્ટેશન પર ભાવનગર ઉધમપુરની ટ્રેઈન રવિવારે સવારે ૧૦:૧૫ કલાકે આવશે.જયારે બે મિનિટના અંતે ૧૦:૧૭ આ ટ્રેઈન ઉપડી જશે. ભાવનગર ઉધમપુરની આ ટ્રેઈન વાયા ગાંધીનગર થઈને દોડશે. જેના લીધે શહેરના સ્થાનિકોને આ ટ્રેઈન સેવાનો લાભ મળશે. આ તબક્કે શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ સહીતના પદાધિકારીઓ આ ટ્રેઈનનુ સવારે ૧૦:૧૫ કલાકે સ્વાગત કરશે. ટ્રેઈનના ડ્રાઈવરને ફુલહાર પહેરાવશે તેમજ મુસાફરોનુ પણ પુષ્પો આપી સ્વાગત કરાશે.

# જિલ્લામાં ખરીફ ઋતુનું ૪૦ ટકા વિસ્તારમાં વાવેતર

**મગફળીનું વિક્રમી વાવેતર નોંધાયું : શાકભાજી તેમજ કપાસનું વાવેતર પણ વધ્યુ : દિવેલાના વાવેતરનો આરંભ**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં ખરીફ ઋતુનું વાવેતર ૬૩ હજાર હેક્ટરને પાર કરી ગયુ છે જે ખરીફ સિઝન દરમ્યાન થતા વાવેતર વિસ્તારમાં ૪૦ ટકા જેટલુ થવા જાય છે.

જિલ્લામાં વરસાદ ખેંચાયો છે પરંતુ સારા ચોમાસાની આશા ખેડૂતોને છે. આ વખતે ખેડૂતોએ કપાસના વાવેતર પછી હવે દિવેલાની ખેતીનો પણ આરંભ કરી દીધો છે એટલુ જ નહિ મગફળીનું પણ વિક્રમી વાવેતર આ વખતે જોવા મળી રહ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં મગફળીના પાકનું ૬૦૪૯ હેક્ટર વિસ્તારમાં વાવેતર નોંધાયુ છે. કપાસનું વાવેતર ૨૩૪૦૨ હેક્ટરમાં નોંધાયુ છે. દિવેલાના પાકનું વાવેતર હમણાં શરૂ થયું છે જોકે નિષ્ણાતોના મતે તે ૧૫ જુલાઈથી શરૂ થતુ હોય છે. જિલ્લામાં દિવેલાના પાકનું વાવેતર અત્યાર સુધીમાં ૨૩૨ હેક્ટરમાં થયું છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષની સરેરાશના સાપેક્ષમાં કપાસનું વાવેતર ૪૦૦ હેક્ટર જેટલુ વધ્યુ છે જયારે મગફળી પાકના વાવેતરમાં ૧૨૦૦ હેક્ટર જેટલો વધારો જોવા મળી રહ્યો છે.

જિલ્લામાં શાકભાજીના પાકોનું વાવેતર પણ ૭૫૯૫ હેક્ટરમાં નોંધાયુ છે. જયારે ઘાસચારાના પાકનું ૧૯,૧૧૧ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયુ છે. ગુવારના પાકનું પણ ૧૯૮૪ હેક્ટરમાં વાવેતર નોંધાયુ છે.

જિલ્લામાં કઠોળ પાકના વાવેતરમાં પણ ખેડૂતોએ ઉત્સાહ દાખવ્યો છે. મગનું વાવેતર ૩૦૯ હેક્ટરમાં થયું છે તો અડદનું વાવેતર ૧૭ હેક્ટરમાં નોંધાયુ છે. જિલ્લામાં બાજરીનું વાવેતર ૧૯૬૮ હેક્ટરમાં, મકાઈનું

● અનુસંધાન પાન-૭ પર

# ૧૭મી સુધી વરસાદની સંભાવના નથી

ગાંધીનગર, તા. ૧૩

આગામી ૪ દિવસ અર્થાત્ ૧૭મી જુલાઈ સુધી વરસાદ પડવાની સંભાવના નથી. જ્યારે મહત્તમ તાપમાન ૩૬ થી ૩૯ ડિગ્રી રહેશે અને લઘુત્તમ તાપમાન ૨૭ થી ૨૮ ડિગ્રી રહેવાની સંભાવનાઓ કૃષિ હવામાન શાસ્ત્ર વિભાગ દ્વારા જારી કરાયેલ પૂર્વાનુમાન અને કૃષિ બુલેટીનના ૨૫મા અંકમાં જણાવાયુ છે.

**કપાસ-મગફળીના પાકમાં ભેજ જળવાઈ રહે તે માટે આંતર ખેડ કરી નિંદામણ કરવું; જરૂરી પિયત પણ આપવું**

આ બુલેટીનમાં જણાવાયા મુજબ હવામાં ભેજનું પ્રમાણ ૪૪ થી ૬૬ ટકા રહેવાની સંભાવના છે. પવનની ગતિ સરેરાશ ૧૯ થી ૨૫ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે. આકાશ વાદળછાયુ રહેશે.

આ બુલેટીનમાં ખેડૂતોને માર્ગદર્શન આપતાં જણાવાયુ છે કે આગોતરૂ વાવેતર કરેલ કપાસ અને મગફળીના પાકમાં ભેજ જાળવવા સારૂ નિંદામણ અને આંતર ખેડ કરવી. ચોમાસુ પાકની વાવણીની કામગીરી પણ પુરતા ભેજે કરવી. બિયારણના વાવેતર પહેલાં ફુગનાશનાશક દવાનો પટ પણ આપવો.

મગફળી અને કપાસના પાકને લઈ માર્ગદર્શન આપતાં આ અંકમાં જણાવાયુ છે કે પિયત વાવેતર પાકમાં ભેજ જાળવવા સારૂ આંતરખેડ અને નિંદામણની કામગીરી હાથ ધરવી. વરસાદ ના પડ્યો હોઈ પાકમાં જરૂરિયાત મુજબ પિયત પણ આપવુ.

# રાજયમાં પાણીની ગંભીર કટોકટી

**હજુ સુધી માત્ર માત્ર ૨૩ ટકા જ વરસાદ થયો : હજુ અઠવાડિયા સુધી ગુજરાતમાં ચોમાસુ ફરીથી સક્રિય થવાની સંભાવના નહિવત્ : દુષ્કાળ જેવી પરિસ્થિતિ બનશે : ડેમ ખાલીખમ છે**

અમદાવાદ, તા.૧૩

વાયુ વાવાઝોડાને પગલે



ગુજરાતમાં વરસાદ ખેંચાતા રાજયમાં પીવાના પાણી અને સિંચાઈ માટેના પાણીની ગંભીર કટોકટી ઉભી થઈ રહી હોવાની સ્થિતિ સામે આવી રહી છે. રાજયમાં હજુ સુધી ચોમાસાની સીઝનનો માત્ર ૨૩ ટકા જ વરસાદ પડયો હોવાથી પાણીની ગંભીર કટોકટી સર્જાઇ છે કારણ કે, મોટાભાગના ડેમ, નદી-નાળા ખાલીખમ છે. વળી, બીજીબાજુ, હવામાન વિભાગની આગાહી મુજબ, હજુ એક અઠવાડીયા સુધી ગુજરાતમાં ચોમાસુ ફરી સક્રિય થશે નહીં. જેથી આગામી દિવસોમાં મોટાભાગના વિસ્તારોમાં ભરચોમાસે ફરી અછત જેવી સ્થિતિ સર્જાઈ શકે છે.

આ મામલે રાજ્ય સરકારે પણ નર્મદા ડેમથી માંડીને રાજકોટના આજી ડેમથી લઈ ખારીકટ કેનાલમાં પણ છોડવામાં આવી રહ્યું છે. આમ છતાં પણ જો જુલાઈના અંત સુધીમાં રાજ્યમાં ૫૦ ટકા જેટલો વરસાદ નહીં પડે તો ભરચોમાસે દુષ્કાળ જેવી પરિસ્થિતિનું નિર્માણ થવાની દહેશત ઉભી થઈ છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં મૌસમનો કુલ ૨૩.૮૩ ટકા જ વરસાદ નોંધાયો છે.

ડેમોની સ્થિતિ અંગે વાત કરીએ તો રાજ્યના ૨૦૪ ડેમોમાં માંડ દોઢ ટકા જેટલો જ પાણી સંગ્રહ વધ્યો છે. ૨૦ દિવસ પહેલા ૧૭ ટકા પાણીનો જથ્થો હતો જે હાલ ૧૮.૫૪ ટકા જેટલો છે. સરદાર સરોવર ડેમમાં ૫૩.૧૭ ટકા પાણીનો જથ્થો છે. આ સિવાય સૌરાષ્ટ્રના ૧૩૯ ડેમોમાં ૭.૬૬ ટકા પાણીનો જથ્થો બચ્યો છે. કચ્છના ૨૦ ડેમોમાં ૯.૧૭ ટકા, ઉત્તર ગુજરાતના ૧૫ ડેમોમાં ૧૨.૬૯ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩ ડેમોમાં ૧૫.૮૮ ટકા અને મધ્ય ગુજરાતના ૧૭ ડેમોમાં ૪૬.૧૯ ટકા પાણીનો જથ્થો બચ્યો છે. આમ સમગ્ર રાજ્યમાં મધ્ય ગુજરાતની સ્થિતિ થોડે ઘણે અંશે સારી ગણી શકાય છે. જો કે, ગુજરાતના ૨૦૪ ડેમોમાં માત્ર ૧૮ ટકા જ પાણી છે. હવામાન ખાતાના સૂત્રો મુજબ, રાજ્યમાં ભારે વરસાદ પડે તેવી હાલમાં કોઈ સીસ્ટમ એક્ટિવ નથી છે. જો કે, દમણ-દાદરા નગર હવેલી અને દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગમાં હળવાથી મધ્યમ વરસાદ પડવાની શક્યતા છે. જ્યારે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં વાતાવરણ સુકુ રહેશે. બંગાળની ખાડીમાં જો નવેસરથી લો-પ્રેશર ઉભુ થાય અને તે સીસ્ટમ આગળ વધે તો વરસાદની સંભાવનાઓ છે.

# શહેર તેમજ ગુડા વિસ્તારમાં ટેલીફોનના નવા ટાવરો ઉભા કરાશે

**ગ્રાહકોને યોગ્ય કનેકટિવીટી મળી રહે તે માટે નવા ટાવરો ઉભા કરવા ટેલીકોમ અદાલતમાં મહામંડળની રજુઆત**

ગાંધીનગર તા ૧૩

ભારતીય દુર સંચાર નિગમ દ્વારા શહેર તેમજ ગુડા વિસ્તારમાં નવા ટાવરો ઉભા કરવામાં આવશે. ગ્રાહકોની મુંઝવણોને ઉકેલવા માટે યોજાયેલી ટેલીકોમ અદાલતમાં વિભાગના અધિકારીઓએ ગ્રાહકોની ફરિયાદોને સાંભળી હતી. શહેર વસાહત મહામંડના પદાધિકારીઓ દ્વારા પણ રજુઆતો કરવામાં આવી હતી. આગામી દિવસોમાં શહેરમાં ફોર જીના ટાવરોનુ પણ કામ હાથ ધરાશે તેમ પણ વિભાગના અધિકારીઓએ જણાંવ્યુ હતુ.

ટેલીકોમ અદાલતમાં શહેરના નાગરિકોના સળગતા પ્રશ્નો રજુ કરાયા હતા. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ આ ટેલીકોમ અદાલતમાં ગાંધીનગર ડિવિઝનલ કચેરી ખાતે ઓપન હાઉસમાં ટેલીફોન વિભાગના વી એલ મીના, જી ડી કાંબલી, જી એમ રૂરલ,તૃપ્તી પરીખ સહીત મોટી સંખ્યામાં ટેલીફોન ગ્રાહકો હાજર રહ્યા હતા. આ દરમિયાન ટેલીકોમ વિભાગના અધિકારીઓની હાજરીમાં મહામંડળના મયુર વ્યાસ, સુધીર દેસાઇ, પ્રદીપ સોલંકી, ડો પંચાલ, શશીકાંત મોઢા ઉપરાંત ગ્રાહકોએ મહત્વના પ્રશ્નો રજુ કર્યા હતા. આ દરમિયાન ગાંધીનગર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં નવા ટાવરો ઉભા કરવા માટે પણ વિભાગના અધિકારીઓએ જણાંવ્યુ હતુ. જેમાં અડાલજ મંદિર , કુડાસણ ,સરગાસણ,રાંદેસણ,જુંડાલ વાવોલ અને રાયસણમાં આગામી દિવસોમાં નવા ટાવરોનુ કામ હાથ ધરાશે તેમ પણ અધિકારીઓએ જણાંવ્યુ હતુ.

જયારે ઇ સી એસમાં બિલની રકમ કપાશે તો તે તુરંત પરત અપાશે તેમ પણ આ દરમિયાન જણાંવાયુ હતુ. જયારે પ્રતિ શુક્રવારે ગ્રાહકો માટે મહામેળાનુ શહેર તેમજ ગુડા વિસ્તારમાં આયોજન કરવામાં આવશે. શહેરમાં ફોર જીના નવા ટાવરો માટે પણ આયોજન કરવામાં આવશે. હાલ ગાંધીનગરમાં ૧૦૯ ટુ જીના,૮૮ ત્રીજીના અને દહેગામમાં ફોર જીના બે ટાવરો છે. ગાંધીનગરમાં આગામી દિવસોમાં ફોર જીના ટાવરોની વ્યવસ્થા કરવા માટે પણ રજુઆત કરવામાં આવી છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

ગાંધીનગરમાં જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA
STEEL • PIPES • SHEETS
ET TMT BARS
Mazboot Bharat ki Pehchan
જગદીશ
સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર,
કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન)
ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા,
સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર
તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com